# લોક વાચા

નાગરિકોના વિકાસલક્ષી પ્રયાસોને ઉજાગર કરતી માસિક પત્રિકા

**વર્ષ : ૩ અંક : ૮ જાન્યુઆરી – માર્ચ ૨૦૧૩**

उन्नति

**સંપાદક ટીમ:**
ઈસુદાસ વાઘેલા, જ્યોતિ મુંદરી,
હિતેન્દ્ર ચૌહાણ



## સુશાસનમાં નાગરિકો દ્વારા સામાજિક ઉત્તરદાયિત્વનું મહત્ત્વ

સામાજિક ઉત્તરદાયિત્વ એક એવો અભિગમ છે કે જેમાં નાગરિક કાર્ય ઉપર ઉત્તરદાયિત્વ આધાર રાખે છે. એટલે કે તેમાં નાગરિકો અને નાગરિક સમાજનાં સંગઠનો સીધી કે આડકતરી રીતે ઉત્તરદાયિત્વ ઊભું કરવા માટે સામેલ થાય છે. તે સરકાર, ખાનગી ક્ષેત્ર કે નાગરિક કર્તાઓ દ્વારા આરંભી શકાય છે. સામાજિક ઉત્તરદાયિત્વનું મૂળ નાગરિકોની સામેલગીરીમાં હોય તો તે સંસ્થાગત બિન-કાર્યક્ષમતાઓ દૂર કરવામાં મદદરૂપ થાય છે અને લોકશાહીને મજબૂત કરે છે. વળી, તે વિકેન્દ્રિત સુશાસનને પ્રોત્સાહન આપે છે, વંચિતોનો સમાવેશ કરે છે અને નાગરિકોને સક્ષમ બનાવે છે. સામાજિક ઉત્તરદાયિત્વનું તંત્ર અનેક પ્રકારનાં પગલાં, સાધનો અને વ્યવસ્થાઓને આવરી લે છે. નાગરિકો, સમુદાય, નાગરિક સમાજનાં સંગઠનો, સરકાર, ખાનગી ક્ષેત્ર અને માધ્યમો વગેરે જાહેર સત્તાધીશો, સરકારી અધિકારીઓ, નીતિ નિર્ધારકો અને સેવાઓના પુરવઠાકારોનું ઉત્તરદાયિત્વ ઊભું કરવા માટે આ સાધનોનો ઉપયોગ કરી શકે છે.

સામાજિક ઉત્તરદાયિત્વનાં જે કેટલાંક તંત્રો કે રીતોનો વ્યવહારમાં ઉપયોગ કરાયો છે તેમાં સહભાગી બજેટ પ્રક્રિયા, જાહેર ખર્ચની તપાસ, મહિલાઓ માટેના બજેટની તપાસ, જાહેર સેવાઓ પર નાગરિકો દ્વારા દેખરેખ, નાગરિકોનાં સલાહકાર બોર્ડ, સામાજિક ઓડિટ, લોબીંગ અને હિમાયત માટેની ઝુંબેશનો સમાવેશ થાય છે. આ રીતો માંગપ્રેરિત હોય છે. આ સાધનોનો અસરકારક ઉપયોગ કરવામાં આવે તો નાગરિકોનો અવાજ ઊભો થઈ શકે છે, નિર્ણય પ્રક્રિયામાં અને નીતિ નિર્ધારણમાં નાગરિકોનો અવાજ સંભળાય છે અને માહિતીપ્રદ તથા સંગઠિત કાર્ય થઈ શકે છે. આ સાધનો સંઘર્ષ જ ઊભો કરે એમ નહિ પણ સૌને માટે સારી સ્થિતિ ઊભી કરી શકે.

**સામુદાયિક ઉત્તરદાયિત્વનાં સાધનો**

સામાજિક ઉત્તરદાયિત્વ માટે જે કેટલાંક સાધનો ઉપસી આવ્યાં છે તેમાંનાં કેટલાંક નીચે આપ્યાં છે:

**૧. સહભાગી બજેટ પ્રક્રિયા**

સહભાગી બજેટ પ્રક્રિયામાં નાગરિકો બજેટની તૈયારીના ચક્રમાં સામેલ થાય છે. નાગરિક સમાજનાં સંગઠનો અને તેમના પ્રતિનિધિઓ બજેટ ઘડવામાં અને તે તૈયાર કરવામાં સામેલ થાય છે. બજેટનું સ્વતંત્રપણે તેઓ વિશ્લેષણ કરે છે. તેમાં જે બજેટ દસ્તાવેજ તૈયાર થાય છે તે જાહેર તપાસ માટે મૂકવામાં આવે છે. લોકો તેનું વિશ્લેષણ કરી શકે છે. સામાજિક વિકાસની બાબતો પર કેટલું ધ્યાન અપાયું, ખર્ચ કેવી રીતે કરાયું વગેરે બાબતો પર ધ્યાન અપાય છે. બિન-સરકારી સંગઠનો અને અન્ય સંગઠનો અમુક કાર્યક્રમો માટે જે ભંડોળ ફાળવાયું છે તે એ માટે ખર્ચાયું છે કે નહિ તેના ઉપર નજર રાખે છે, કામગીરી ઉપર દેખરેખ રાખે છે અને નાગરિક સમાજનાં જૂથો આખરી પરિણામોનું મૂલ્યાંકન કરે છે.

**૨. કામગીરી પર દેખરેખ**

જાહેર સેવાઓ અને પરિયોજનાઓનાં અમલ અને કામગીરી ઉપર દેખરેખ રાખવાનું કામ સમુદાયો કે નાગરિક જૂથો કરે છે. તેને માટે તેઓ પોતે જ નિર્દેશકો નક્કી કરે છે. કામગીરી ઉપરની દેખરેખમાં જાહેર હિમાયતનાં તત્ત્વોનો પણ સમાવેશ થાય છે. સામાન્ય રીતે કામગીરી ઉપરની દેખરેખ માટે નાગરિકોનું રિપોર્ટ કાર્ડ, સામુદાયિક સ્કોર કાર્ડ અને સામાજિક અન્વેષણ જેવાં સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે.

**નાગરિકોનું રિપોર્ટ કાર્ડ:** આ એક સહભાગી સર્વે છે. તેમાં જાહેર સેવાઓ વિશે વપરાશકારોનાં મંતવ્યો મેળવવામાં આવે છે. માહિતી કેવી રીતે રજૂ કરવામાં આવે છે તેને આધારે સર્વેનું નામ નક્કી થાય છે. શાળાના રિપોર્ટ કાર્ડમાં વિવિધ વિષયોમાં વિદ્યાર્થીઓના દેખાવ વિશેના સ્કોર શિક્ષક આપે છે તેમ અહીં પણ વિવિધ સેવાઓની ગુણવત્તા વિશે જે મંતવ્ય લોકો આપે છે તેની માહિતી ભેગી કરવામાં આવે છે. સેવાઓથી તેમને કેટલો સંતોષ છે એ પણ તેમાં જાણવામાં આવે છે. આરોગ્ય, શિક્ષણ,

પાણી, પુરવઠો,રસ્તા, લાઈટો વગેરે જેવી સેવાઓને તેમાં આવરી લેવામાં આવે છે.

**સામુદાયિક સ્કોર કાર્ડ:** નાગરિકોના રિપોર્ટ કાર્ડની જેમ જ આ એક એવું સાધન છે કે જે સેવાઓના પુરવઠાકારોના જાહેર ઉત્તરદાયિત્વનું નિર્માણ કરે છે અને તેમની પ્રતિભાવાત્મકતા સુધારે છે. સામુદાયિક સ્કોર કાર્ડની પ્રક્રિયામાં સમુદાયને વિશ્લેષણના એક એકમ તરીકે લેવામાં આવે છે અને સ્થાનિક સ્તરે પૂરી પડાતી સવલતો ઉપર દેખરેખ રાખવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામા આવે છે. તેમાં સમુદાય સેવાઓ ઉપર દેખરેખ રાખે છે અને તેમની કામગીરીનું મૂલ્યાંકન કરે છે.

**સામાજિક અન્વેષણ:** સામાજિક અન્વેષણ એક એવી પ્રક્રિયા છે કે જેમાં કોઈ વિકાસલક્ષી પરિયોજના કે કાર્યક્રમની ગુણવત્તા, તેમાં થયેલા ખર્ચ અને તેના લાભાલાભની જાહેરમાં ખુલ્લંખુલ્લા સમુદાય દ્વારા તપાસ કરવામાં આવે છે. જે વિસ્તારમાં એ કાર્યક્રમનો અમલ થાય છે એ વિસ્તારનો સમુદાય સામાજિક અન્વેષણમાં સામેલ થાય છે. સામાજિક અન્વેષણ એક એવી પ્રક્રિયા છે કે જેમાં કોઈક યોજના, પરિયોજના, કાર્યક્રમ કે કોઈ સંગઠન કે વિભાગનાં સંસાધનો વિશે માહિતી ભેગી કરવામાં આવે છે. પછી તે માહિતીનું વિશ્લેષણ અને જાહેરમાં તે વહેંચવામાં આવે છે કે જેથી તમામ સ્તરના તમામ હિતધારકો એ જાણે.

**૩. જાહેર સુનાવણી**

જાહેર સુનાવણી એ સમુદાય સ્તરની ઔપચારિક બેઠક છે. સ્થાનિક અધિકારીઓ અને નાગરિકોને સામુદાયિક બાબતો વિશે માહિતી અને અભિપ્રાયોની આપ-લે કરવાની તક મળે છે. આ સુનાવણીઓ આમ જનતા માટે ખુલ્લી હોય છે અને તેથી અમલદારો તથા ચૂંટાયેલા પ્રતિનિધિઓ સમક્ષ પોતાની ચિંતાઓ વ્યક્ત કરવાની નાગરિકોને તક આપનારું આ એક મહત્ત્વનું સાધન છે.

**૪. નાગરિક ન્યાયાધીશો**

નાગરિક ન્યાયાધીશો એટલે સમુદાયના કેટલાક પસંદ કરાયેલા સભ્યોનું જૂથ. તેઓ કોઈ એક સમયગાળા દરમ્યાન કોઈક મુદ્દા વિશે તપાસ હાથ ધરે છે અને નીતિ નિર્માતાઓ માટે ભલામણો કરે છે અથવા અમુક કાર્યો માટેની દરખાસ્તો રજૂ કરે છે. તેનો ઇરાદો નિર્ણય પ્રક્રિયા માટેની ગુણવત્તા સુધારવાનો છે અને નીતિ ઘડતર તથા તેનો અમલ વધારે લોકસ્વીકૃત, અસરકારક, કાર્યક્ષમ અને ટકાઉ થાય તેવી સંભાવના વધારવાનો છે. આંધ્ર પ્રદેશમાં અન્ન અને ખેતીના ભાવિ વિશે આ પદ્ધતિનો ઉપયોગ કરાયો હતો. તેમાં નાગરિક ન્યાયાધીશોએ સરકારના વિઝન-૨૦૨૦ની ગ્રામ વિકાસની યોજના વિશે ચર્ચા કરી હતી.

**૫. નાગરિકોનું ખતપત્ર**

નાગરિકોનું ખતપત્ર સેવાઓની ગુણવત્તા સુધારવાનો ઇરાદો ધરાવે છે. તેમાં સરકાર દ્વારા અપાતી જે સેવાઓનો વપરાશકારો ઉપયોગ કરે છે તેને વિશે તેઓ જે અપેક્ષા રાખે છે તેનાં ધોરણો નક્કી કરીને જાહેર કરવામાં આવે છે. નાગરિક ખતપત્રોમાં જો ધોરણોનું પાલન ન કરવામાં આવે તો નાગરિકોને તે અંગે ખુલાસો પ્રાપ્ત કરવાનો અધિકાર છે. નાગરિકોનું ખતપત્ર એક એવો દસ્તાવેજ છે કે જેમાં કોઈક સેવા વિશે નાગરિકોને નીચે પ્રમાણેની માહિતી મળે છે:

(૧) જાહેર સેવા કેવી રીતે મળે તેનો અધિકાર.
(૨) સમય અને ગુણવત્તા અંગે સેવા વિશે જે અપેક્ષાઓ નાગરિકો રાખતા હોય તે.
(૩) ધોરણોનું પાલન ન કરવામાં આવે તો તે માટે પ્રાપ્ય ઉકેલો.
(૪) સેવા અંગેની કાર્યવાહી, ખર્ચ અને ચાર્જ.

**૬. સામુદાયિક રેડિયો**

સામુદાયિક રેડિયો સ્ટેશન સંવાદ ઊભો કરે છે, અને ઘણી વાર તેમાં શ્રોતાઓ સહભાગી થાય છે. એ નફાજનક સેવા નથી, ઓછી ખર્ચાળ છે. રેડિયો સ્ટેશનની માલિકી સમુદાયની હોય છે અને સમુદાય જ તેનું સંચાલન કરે છે. તે સ્થાનિક ભાષામાં સ્થાનિક પ્રશ્નો વિશે વાત કરે છે અને સ્થાનિક સમસ્યાઓ અને ચિંતાઓ વ્યક્ત કરે છે.

## નાગરિક આગેવાનોનો પ્રેરણા પ્રવાસ

તારીખ 13 થી 19મી સપ્ટેમ્બર દરમ્યાન દસક્રોઈ, ધોળકા અને ખેડબ્રહ્મા તાલુકાનાં કુલ 13 નાગરિક નેતાઓ અને જોધપુર કાર્ય વિસ્તારનાં 6 નાગરિક નેતાઓ મહારાષ્ટ્રમાં આવેલ જુદીજુદી સ્વૈચ્છિક સંસ્થાઓ અને આદર્શ પંચાયતોની મુલાકાત લીધેલ હતી. સૌ પ્રથમ નાગરિક નેતાઓએ શહેરી વિસ્તારમાં કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થા સ્પાર્કની મુલાકાત લીધી હતી. ત્યારબાદ બે આદર્શ પંચાયત(રાલેગણ સિધ્ધી અને હિરવે બજાર)ની મુલાકાત લીધી હતી. આ પ્રેરણા પ્રવાસનો મુખ્ય હેતુ એ હતો કે આદર્શ ગામો (રાલેગણ સીધ્ધી અને હિરવે બજાર)ની પ્રત્યક્ષ મુલાકાત દ્વારા ગ્રામસભા મહત્વ અંગેની સમજ વધારવી અને આ પંચાયતો દ્વારા અને સ્પાર્ક સંસ્થાની મહિલા મંડળ દ્વારા કરવામાં આવેલ પહેલ જાણીને નાગરિક નેતાઓની સક્ષમતાનો વધારો કરવો. નાગરિક નેતાઓ તેમાના વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓની દેખરેખ રાખે છે. આ મુલાકાત દ્વારા તેઓની પંચાયતમાં કયા નવા પગલા ભરવા તે વિશે વધારે જાણવાનું અને શીખવાનું મળ્યું હતું.



## જમીન વિહોણા ગરીબો માટે ઐતિહાસિક વિજયઃ રાષ્ટ્રીય જમીન સુધારણા નીતી માટે ભારત સરકાર સહમત

૩જી ઓક્ટોબર ૨૦૧૨ના રોજ પચાસ હજાર જમીન વિહોણા ગરીબોની ઐતિહાસિક કૂચ શરૂ થઈ અને ૨૮ મી ઓક્ટોબર સુધી વિક્રમી એક લાખ લોકો નવી દિલ્લી પહોંચે તે પહેલા ભારત સરકારે ૯ દિવસની અંદર જન સત્યાગ્રહની માંગણીઓ સ્વીકારી છે. ગ્રામીણ વિકાસ મંત્રાલયે (ભારત સરકાર) જનસત્યાગ્રહ સાથે ૧૧મી ઓક્ટોબરના રોજ કરાર પર સહી કરીને સત્યાગ્રહ દ્વારા ઊભી કરેલી મુખ્ય માંગણીઓને સ્વીકારી છે અને ૧૦ મુદ્દાઓ ઉપર નિશ્ચિત સમયગાળામાં પગલાં લેવાની બાંયધરી આપી છે. આ દસ મુદ્દાઓ નીચે મુજબ છે:

૧. **રાષ્ટ્રીય ભૂમિ સુધાર નીતિઃ** નિયમ મુજબ જમીન સુધાર બંધારણનો વિષય છે. છતાં ગ્રામીણ વિકાસ મંત્રાલય આ વાતનો સ્વીકાર કરે છે કે કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય જમીન સુધારનીતીનું પોતાનું એક મહત્વ છે. ગ્રામીણ વિકાસ મંત્રાલય રાજ્યોની સાથે ખૂબ જલ્દીથી એક સંવાદ શરૂ કરશે તથા સાર્વજનિક ચર્ચા અને વિચાર-વિર્મશ હેતુ આગામી ચાર થી પાંચ મહિનાઓમાં આ નીતીનો એક મુસદ્દો પ્રસ્તુત કરશે. તેના પછી તરતજ અંતિમરૂપ આપવામાં આવશે. જન સત્યાગ્રહ દ્વારા તૈયાર થયેલ જમીન સુધાર નીતીનો મુસદ્દાનો આધાર રહેશે. આ કાર્યમાં સ્વૈચ્છિક સંગઠનોની સક્રિય ભૂમિકાને પણ સામેલ કરવામાં આવશે.

૨. **ખેતીની જમીન અને રહેઠાણની જમીન માટે બંધારણીય અધિકારઃ** ભારત સરકાર, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ તથા વન અધિકારની જેમ ખેતીની જમીન અને રહેઠાણની જમીનના કાયદાને પણ વિવિધ સમર્થન મળે તે હેતુ થી રાજ્યો સાથે સંવાદ શરૂ કરશે તથા આવશ્યક પગલાં ઉઠાવશે જેથી (અ) પછાત જિલ્લાઓમાં જમીન વગરનાં ગરીબોને ખેતીની જમીન જોગવાઈ તથા (બ) સંપૂર્ણ દેશમાં જમીન વગરનાં અને રહેઠાણ વગરનાં ગ્રામીણ ગરીબ કુંટુંબોને વસવાટની જમીનના અધિકારોના કાયદામાં દસ બાય દસ નાં રહેઠાણની જમીનની બાહેંધરી થઈ જાય.

૩. **વસવાટ માટેની જમીન**
ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા ઈંદિરા આવાસ યોજના (આઈ. એ. વાય.) હેઠળ દરેક જમીન વગરનાં અને રહેઠાણ વગરનાં ગરીબ પરિવારો માટે રહેઠાણની જમીન હેતુ દસ બાય દસ જમીનની વ્યવસ્થા કરવાના હેતુ ખર્ચ યુનિટ દીઠ બે ગણી કરવાનો પ્રસ્તાવ છે.

૪. **ગરીબો, સીમાન્ત અને જમીન વગરનાઓ માટે જમીનની ઉપલબ્ધતા અને જમીન અધિકારોમાં વધારો**
ગ્રામીણ વિકાસ મંત્રાલય દલિતો, આદિવાસીઓ અને સમાજના અન્ય પછાત અને સીમાન્ત વર્ગોને જમીન અધિકારોના સંરક્ષણ આપવાના ઉદ્દેશથી વિધાન મંડળો દ્વારા લાગુ કરવામાં આવેલાં કાયદાઓનું અસરકારક અમલીકરણ કરવાના હેતુ રાજયોને પ્રોત્સાહિત કરવા માટે આવતા બે મહિનામાં વિસ્તૃત પરામર્શપત્ર બહાર પાડવા સહમત છે. આનું વિસ્તૃત વિવરણ આ મુદ્દા પર સક્રિય સ્વૈચ્છિક સંગઠનોનાં સૂચનો દ્વારા તૈયાર કરવામાં આવશે. ગ્રામીણ વિકાસ મંત્રાલય પરામર્શ પત્રોના માધ્યમથી સૌથી નબળાં, વંચિત અને જમીન વગરના પરિવારોને જમીનની ઉપલબ્ધતા નક્કી કરવાનાં હેતુથી રાજ્ય સરકારોને એક સમયબદ્ધ કાર્યક્રમ શરૂ કરવા માટે પ્રોત્સાહન અને સમર્થન પૂરૂં પાડશે.

૫. **ફાસ્ટ ટ્રેક જમીન ન્યાયાલયો**
ગ્રામીણ વિકાસ મંત્રાલય, મહેસૂલ ન્યાયાલયોમાં જટિલ કેસોને ઝડપથી ઉકેલવા માટે ફાસ્ટ ટ્રેક જમીન ન્યાયાલયોની સ્થાપના કરવાના હેતુથી રાજ્યોની સાથે સંવાદ શરૂ કરવા માટે સહમત છે. સામાજીકરૂપથી વંચિત વર્ગો વિશેષ કરીને દલિતો અને આદિવાસી સમુદાયનાં એ બધા જ વ્યક્તિઓ જેઓની જમીન કોર્ટ કચેરીના વિવાદોમાં ફસાઈ છે, તેઓને કેન્દ્રીય અધિક સહાય યોજના ઉપરાંત સહાયતા આપવા રાજ્યોને પ્રોત્સાહિત કરશે.

૬. **પંચાયત (અનુસૂચિત ક્ષેત્રોનો વિસ્તાર) અધિનિયમ, ૧૯૯૬ (પેસા)નો અસરકારક અમલઃ**
ગ્રામીણ વિકાસ મંત્રાલય આવતાં ચાર મહિનામાં સ્ટેઈક હોલ્ડર પરામર્શ પૂરા કરવા માટે જનજાતિ કાર્ય મંત્રાલય તથા પંચાયતીરાજ મંત્રાલયની સાથે કામ કરશે. જેથી પેસા હેઠળ ગ્રામસભાઓને આપેલી શક્તિઓના પ્રયોગ કરવાના હેતુ તેઓને અધિકાર સંપન્ન બનાવીને તેમનો અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કરવા માટે રાજ્યો માટે વિસ્તૃત પરિપત્ર બહાર પાડી શકાય.

૭. **વન અધિકાર અધિકાર ૨૦૦૬નો અસરકારક અમીલકરણ**
જનજાતિ કાર્ય મંત્રાલયને અનુસૂચિત જાતિ તથા અન્ય પારંપરિક વનવાસી (વન અધિકારોની માન્યતા) અધિનિયમ ૨૦૦૬ હેઠળ તારીખ ૧૩, સપ્ટેમ્બર ૨૦૧૨ ના રોજ સંશોધન નિયમ બહાર પાડી દીધો છે. સંશોધન નિયમો અને જનજાતિ કાર્ય મંત્રાલય દ્વારા બહાર પાડેલ નિર્દેશો તથા સ્વૈચ્છિક સંગઠનો દ્વારા પ્રાપ્ત સૂચનોના આધાર પર વન અધિકાર અધિનિયમનો અસરકારક અમલીકરણ કરવા રાજ્યોને સક્રિય રૂપથી પ્રોત્સાહન અને સમર્થન પૂરાં પાડવામાં આવશે.

૮. **વન તથા મહેસુલ સીમા વિવાદઃ**
ગ્રામીણ વિકાસ મંત્રાલય, વન તથા મહેસૂલ સીમા વિવાદ ઉકેલવા

માટે વ્યાપક સર્વેક્ષણ કરવાના હેતુ વન અને મહેસૂલ વિભાગોની સંયુક્ત જૂથ બનાવવા માટે રાજ્યોને પરામર્શ-પત્ર મોકલવા સહમત છે. ગ્રામ પંચાયતો અને ગ્રામસભાઓને સર્વેક્ષણ તથા બદોબસ્તની પ્રક્રિયામાં પૂરી રીતે સામેલ કરવામાં આવશે.

**૯. સામૂહિક સંસાધનોનું સર્વે, આધુનિકરણ અને નિયંત્રણ**

ગ્રામીણ વિકાસ મંત્રાલય ગ્રામસભાઓ અને ગ્રામ પંચાયતોની પ્રત્યક્ષ સમાવેશથી સામુહિક સંસાધનોનો સર્વે કરવા માટે રાજ્યોને પ્રોત્સાહન તથા સમર્થન પૂરૂં પાડશે, સાથે-સાથે રાજ્યોને આ વિશે માનનીય ઉચ્ચત્તમ ન્યાયાલયનાં હાલના નિર્દેશોનું પૂરી રીતે અમલીકરણ સુનિશ્ચિત કરવાની સલાહ આપવામાં આવશે.

**૧૦.જમીન સુધારણા સંબંધી કાર્યકારી જૂથ**

ગ્રામીણ વિકાસ મંત્રાલય ઉપરનાં એજન્ડાને અમલીકરણ કરવા માટે કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રીની અધ્યક્ષતામાં જમીન સુધાર સંબંધી કાર્યજૂથની તુરંત રચના કરશે. જમીન સુધાર સંબંધી કાર્યજૂથમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો, જમીન સુધારનાં મુદ્દાઓ પર કાર્ય કરતાં સ્વૈચ્છિક સંગઠનો તથા બધા સંબંધિત લાભાર્થીઓના પ્રતિનિધિઓને સામેલ કરવામાં આવશે.

## સામાજિક ઉત્તરદાયિત્વ અને સુશાસન વિશે તાલીમકારોની તાલીમ



તારીખ ૨૪-૨૮મી સપ્ટેમ્બરના રોજ ગુજરાત અને રાજસ્થાનમાં કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકર્તાઓ માટે પાંચ દિવસીય સામજિક ઉત્તરદાયિત્વ અને સુશાસન ઉપર તાલીમકારોની તાલીમ જોધપુર તાલીમ કેન્દ્ર ખાતે યોજવામાં આવી હતી. આ તાલીમનો મુખ્ય હેતુ એ હતો કે, ઉન્નતિ સંસ્થાનો સુશાસન અંગેનો અનુભવ અને જ્ઞાનનો લાભ અન્ય વિકાસ કાર્યકરોને મળે જેથી કરીને વિકેન્દ્રીયકરણ ની પ્રક્રિયાને આગળ ધપાવી શકે. આ તાલીમ કાર્ય અંતર્ગત જુદા-જુદા વિષયોને આવરી લીધા હતા. જેવા કે સુશાસન અંગેના ખ્યાલ અને તેના લક્ષણો, વિકેન્દ્રીયકરણની સમજ અને તેના પ્રકારો, સામાજિક ઉત્તરદાયિત્વની સમજ અને તેના સાધનો. આ તાલીમ કાર્યક્રમને અંતે દરેક તાલીમમાર્થી એ આવતા ત્રણ મહિનાનું આયોજન કર્યું હતું. જેમાં તાલીમ દરિમ્યાન શીખેલ બાબતોનું પોતાના કાર્યવિસ્તારમાં જઈને અસરકારક ઉપયોગ કરવો.

## નાગરિક નેતાઓ માટે એક દિવસીય તાલીમ શીબીરનું આયોજન



તારીખ ૪-૬ ઓક્ટોમ્બર ૨૦૧૨ના રોજ એક-એક દિવસની તાલીમ શિબિર અનુક્રમે અમદાવાદ ખાતે (દસકોઈ તાલુકા માટે), ધોળકા અને ખેડબ્રહ્મા મુકામે રાખવામાં આવી હતી. આ તાલીમ શિબિરનો વિષય પ્રાથમિક સુવિધાઓની અસરકારક દેખરેખ અને મનરેગામાં સોશ્યલ ઓડિટનું મહત્વ. તાલીમ શિબિરનો મુખ્ય હેતુ એ હતો કે નાગરિક આગેવાનો દ્વારા કરવામાં આવતી પ્રાથમિક સુવિધાઓની દેખરેખ અંગે પોતાના અનુભવોની આપ-લે કરવી અને તેની પ્રક્રિયાને અસરકારક બનાવવી, બીજો હેતુ મનરેગામાં સોશ્યલ ઓડિટની પ્રક્રિયામાં નાગરિક નેતાઓની ભૂમિકાને અસરકારક બનાવવી. આ તાલીમમાં મોટા જૂથમાં અનુભવોની આપ-લે કરવી, પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન ધ્વારા રજુઆત અને ફિલ્મ દેખાડવામાં આવી હતી. તાલીમના અંતે દિવસ દરિમ્યાન આપેલ મુદ્દાઓને ધ્યાનમાં લઈને આયોજન બનાવ્યું હતું. જેમાં પ્રાથમિક સુવિધઓની દેખરેખ માટેની પ્રક્રિયા વધારે અસરકારક બનાવવી અને મનરેગાની સામાજીક ઓડિટની પ્રક્રિયામાં નાગરિક નેતાઓની ભૂમિકા અસરકારક રીતે નિભાવવી.


ઉન્નતિ
ઉન્નતિ
વિકાસ શિક્ષણ સંગઠન

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
ફોન: ૦૭૯-૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬ ફેક્સ: ૦૭૯-૨૬૭૪૩૭૫૨.
ઈ-મેલ: hitendra@unnati.org વેબસાઈટ: www.unnati.org
ક્ષેત્રીય કાર્યાલય: ૬૫૦, રાધાકૃષ્ણપુરમ, લહેરિયા રિસોર્ટની નજીક, પાલ-ચોપાસની બાય-પાસ લિંક રોડ, જોધપુર, રાજસ્થાન.
ફોનઃ ૦૨૯૧-૩૨૦૪૬૧૮ ઈ-મેલ: jodhpur_unnati@unnati.org

ડિઝાઈનઃ રમેશ પટેલ, 'ઉન્નતિ'. મુદ્રણ: બંસીધર ઓફસેટ, અમદાવાદ. ફોનઃ ૯૮૨૫૩૫૩૯૬૭



આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.

*ફક્ત અંગત વિતરણ અને શૈક્ષણિક હેતુથી પ્રકાશિત*